# અલાઉદ્દીન ખલજી

વિક્રમભાઈ ભુલાભાઇ ભોઇ
કસલાલ,તા-લુણાવાડા,જી-મહીસાગર

## ૧. પ્રસ્તાવના

મધ્યયુગીન ભારતીય ઈતિહાસમાં નજર કરતાં જણાય છે કે દિલ્હી સલ્તનત વખતે વિવિધ વંશજો –ગુલામ વંશ,ખલજી વંશ,તુઘલક વંશ, સૈયદ વંશ તથા લોદી વંશે શાસન કર્યું હતું. જેમાં ખલજી વંશમાં જલાઉદ્દીન ફિરોજશાહ, અલાઉદ્દીન, શહાબુદ્દીન ઉમર, કુતુબુદ્દીન મુબારકશાહ તથા નાસીરુદ્દીન ખુશરોશાહ જેવા શાસકોનો સમાવેશ થાય છે. આ ખલજીઓ મૂળભૂત રીતે તુર્કી મુસ્લિમો હતા.પરંતુ ઘણા લાંબા સમયથી અફઘાનિસ્તાનમાં રહેવાને કારણે તુર્ક મુસ્લિમોએ તેમને સામાજિક મોભો આપ્યો ન હતો.ખલજી વંશમાં અલાઉદ્દીન ખલજીનું વ્યક્તિત્વ એકદમ નોખું તરી આવે છે.

અલાઉદ્દીન ખલજીનો સમયગાળો ઈ.સ.1296 થી 1316 સુધીનો ગણાય છે.તેના પિતાનું બાળપણમાં મૃત્યુ થયું હોવાથી તેના કાકા જલાઉદ્દીને ઘણા જ લાડકોડથી ઉછેર્યો હતો.તેનું બાળપણનું નામ અલી યા ગુરશપ હતું.જલાલુદ્દીને પોતાની દીકરીના લગ્ન તેની સાથે કરાવ્યા હતા. તેને શિક્ષણ મેળવ્યું ન હતું. છતાં તે સુધારક અને એક ચાલક –ઝનૂની સૈનિક હતો જલાલુદ્દીને તેને અલાહાબાદ નજીક આવેલા કરાનો હાકેમ (સુબો) નિમ્યો હતો.

આ સમય દિલ્હી સલ્તનતનો વિસ્તાર સિંધુથી માંડી બંગાળ સુધી અને હિમાલયથી માંડી વિંધ્ય પહાડ સુધીનો હતો. કોઈપણ સુલતાન નર્મદા નદીથી આગળ વધ્યો ન હતો.ઈ.સ. 1295 અલાઉદ્દીન એક મોટું લશ્કર લઈ કરાથી રવાના થઈ દેવગીરી પહોચ્યો .ત્યાથી પુષ્કળ સંપતિ લુટી લાવ્યો.દક્ષિણ ભારતમાં તુર્કોનું આ પ્રથમ આગમન હતું. સુલતાન જલાઉદ્દીનનું ખૂન કરી પોતે દિલ્હી સલ્તનનો સુલતાન બની ગયો.બલબનના લાલ મહેલમાં તેની તખ્તનશીની વિધિ ભારે ઠાઠથી કરી અને ત્રણ દિવસ સુધી તેને આનંદોત્સવ મનાવ્યો .પોતાના કાકા/સસરાનું ખૂનનો આરોપ ભૂસી નાખવા તથા પ્રજાનું દિલ જીતી લેવા દીવગીરીથી લાવેલું ધન છૂટા હાથે વેચ્યું. આથી પ્રજા તેને અનુકૂળ બની અને લશ્કરમાં સૈનિકની ભરતી સારા પ્રમાણમાં થઈ.

અલાઉદ્દીને દરબાર ભરી અમીરો તથા સરદારોને મોટી બક્ષિસો આપી તથા કેટલાકના પગારમાં અને કેટલાકના મનસબમાં વધારો કર્યો.તેના ભાઈ અલમાસબેગને ઉલૂઘખાનનો ,તેના બનેવીને નુસસરતખાનનો તેમજ ભાણેજ હિઝબુદ્દીનને ઝફરખાનનો અને માહરૂને ઐનુંમુલ્કનો ખિતાબ એનાયત કર્યો.ત્યારબાદ વિરોધીઓને દબાવી દેવાનો પ્રયાસ કર્યો.જેનો પ્રથમ શિકાર પોતાના કાકા જલાલુદ્દીનના પુત્ર કદ્રખાનને છોડીને જેઓ પોતાને આવી મળ્યા હતા તેમણે વિશ્વાસઘાતી ઘણી તેઓમાના કેટલાકની તેણે કતલ કરાવી.ત્યારબાદ ઝફરખાન અને ઉલૂઘખાનને એક ફોજ લઈ મૂલતાન મોકલી. ત્યાં અર્કલીખાન, કદ્રખાન અને તેની માતા મલેકા જહાન તથા અન્ય સાથીદારોને કેદ કર્યા. ત્યારબાદ અર્કલીખાન તથા ઉલૂઘખાન,અહમદરાયને હાંસીમાં લઈ જઈ મૃત્યુદંડ આપવામાં આવ્યો.મલેકા જહાનને દિલ્હીમાં કેદ કરવામાં આવી.ત્યારબાદ જલાઉદ્દીનના ટેકેદારોને નાબૂદ કર્યા.

## ૨. અલાઉદ્દીનના યુદ્ધો

### ૨.૧ ઉત્તર ભારતના યુદ્ધો

#### (૧)દેવગીરી પર આક્રમણ

ઈ.સ.1296 માં રામચંદ્ર દેવ સાથે યુધ્ધ થતાં રાંચંદ્રદેવે એલિપુર પ્રાંતની આવક આપવાનું વચન આપ્યું હતું.

**(૨) દેવગીરી પર પુન:આગમન**

રામચંદ્ર દેવે ખંડણી આપવાની ના પાડતાં મલેક કાફૂરે યુદ્ધ કર્યું. ત્યારબાદ રામચંદ્ર દેવ અલાઉદ્દીન પાસે દિલ્લી ગયો. તેથી અલાઉદ્દીને તેની સાથે મિત્રવત વ્યવહાર કરી તેને રામરાયાનની ઉપાધિ આપી અને તેને નવસારી જિલ્લો ભેટ આપ્યો હતો. નોંધનીય બાબત છેકે મલેક કાફૂરને 1000 સોનાના દીનારમાં ખરીદવામાં આવ્યો હતો .તેથી તેને હજાર દીનારી પણ કહેવામા આવે છે.તેને અલાઉદ્દીને 'તાજ-ઉલ-મુલ્ક-કાફૂરી'ની ઉપાધિ આપી હતી.અલાઉદ્દીનના દક્ષિણ ભારતના વિજયનો શ્રેય મલેક કાફૂરના ફાળે જાય છે.

**(૩) વારંગલ પર આક્રમણ**

દેવગીરી તરફથી મદદ લઈ મલેક કાફૂરે વારંગલ પર આક્રમણ કર્યું. આગળ તે તેલંગણાની રાજધાની પહોંચી ગયો અને ત્યાથી સોનાની મુર્તિ અને કોહિનૂર હીરો તથા ભારે લૂટનો માલ લઈને પરત ફર્યો હતો.

**(૪) દ્રારસમુદ્ર રાજ્ય સાથે યુદ્ધ**

દ્રારસમુદ્રના વીર બલ્લાલ તૃતીય શાસક સાથે મલેક કાફૂરે યુદ્ધ કરતાં દેવગીરીનો પારસદેવે પણ તેને સાથ આપ્યો.છેવટે વીર બલ્લાલે આત્મ સમર્પણ કર્યું.પછી કાફૂર તેને દિલ્લી લઈ ગયો ત્યાં અલાઉદ્દીને તેનું ભવ્ય સ્વાગત કર્યું.

**(૫)પાંડય રાજ્ય પર યુદ્ધ**

અહીં વીર પાંડય અને સુંદર પાંડય વચ્ચે વારસાવિગ્રહ ચાલતો હતો. વીર પાંડય ખૂબ જ ઘાતકી હતો ,તેથી મલેક કાફૂર સુંદર પાંડયની પક્ષે જોડાઈ વિજય મેળવી તેને રાજગાદી સોપી હતી.

**(૬) દેવગીરી પર આક્રમણ**

રામચંદ્રદેવના ઉત્તરાધિકારી શંકરદેવ –સિંઘણ તૃતીય સાથે પણ મલેક કાફૂરે યુદ્ધ કર્યું .જેમાં સિંઘણ માર્યો ગયો અને દેવગીરીનો મોટો ભાગ દિલ્લી સલ્તનતમાં સામેલ કરવામાં આવ્યો.

**૨.૨ દક્ષિણ ભારતના યુદ્ધો**

**(૧) ગુજરાત પર ચઢાઈ**

ગુજરાતમાં તે સમયે કર્ણદેવ વાઘેલા રાજ્ય કરતો હતો. તેથી તેની સામે યુદ્ધ કરવા ઉલૂઘખાન અને નુસરત ખાનને મોકલવામાં આવ્યા.વચ્ચે જેસલમેર આવતા તેને જીત્યું અને કર્ણદેવ વાઘેલા રાજગાદી છોડી ભાગી ગયો.

**(૨)રણથંભોર પર આક્રમણ**

રણથંભોરના રાણા હમીરદેવ (ચૌહાણ વંશ)રાજય કરતાં હતા.આ રાજ્યને લૂટવા ઉલૂઘખાન અને નુસરત ખાનને મોકલવામાં આવ્યા.જેમાં રાણાએ પ્રથમ હુમલાને નિષ્ફળ બનાવ્યો.જેમાં નુસરતખાન માર્યો ગયો.બીજીવારના યુધ્ધમાં અલાઉદ્દીન જાતે આવતા રાજપુતોએ કેસરિયા કર્યા અને હમ્મીર દેવ યુદ્ધમાં માર્યો ગયો હતો.

**(૩)ચિત્તોડ પર આક્રમણ**

રાણા રતનસિંહ ચિત્તોડના રાજા હતા.અલાઉદ્દીને ઈ.સ.1303માં યુદ્ધ કરતાં ચિત્તોડનો કબજો કરતાં તેનું નામ ખિજાબાદ રાખ્યું.ત્યારબાદ આ ચિત્તોડ માલદેવ ને સોપી દીધું.

**(૪)માળવા પર વિજય**

માળવના રાજા મહાલકદેવ પર આઈનુંમુલ્કમુલ્તાનીએ આક્રમણ કરતાં તે ભાગી ગયો.તેથી માળવા ખલજી સામ્રાજયમાં ભેળવી દીધું.

**(૫)સિવાના અને ઝાલોર પર આક્રમણ**

સિવાનમા પરમાર રાજા શીતલદેવ તથા ઝાલોરના કૃષ્ણદેવ પર કમાલુદ્દીન કુર્ગ દ્વારા આક્રમણ કરવામાં આવ્યું. જેમાં ઝાલોરમાં કૃષ્ણદેવના બદલે મલદેવને ચિત્તોડ સોપ્યું હતું

## ૩. અલાઉદ્દીનના વિવિધ સુધારાત્મક કાર્યો

### (૧) સૈનિક સુધારાઓ

તેણે ઈક્તેદારોની સેના પર નિર્ભર રહેવાને બદલે દિલ્લીમાં કાયમી સેનાની સ્થાપના કરી.તેણે ઘોડાની ઓળખ માટે દાગ અને હુલિયા (ચહેરા)ની પધ્ધતિ આમલમાં મુકી.સૈનિકોની નિયમિત ભરતી કરાવી.તેમના વેતનમાં 19.5 % માસિક આપવામાં આવતા.તેમણે સૈનિકોને જાગીર સ્વરૂપે અપાતા વેતનો નાબુદ કરી સામ્રાજ્યમાં આધુનિક વહીવટીતંત્રનો પાયો નાખ્યો.

### (૨) આર્થિક સુધારાઓ

તેણે બજારતંત્ર પર દેખરેખ રાખવા માટે વિવિધ અધિકારીઓની નિમાણૂક કરી હતી.તેમાં શાહના-એ-મંડી એ બજાર અધિક્ષક હતો.દીવાને –એ-રિયાસત એ બજાર નિયંત્રક હતો.ન્યાય અધિકારી તરીકે સરાય અદ્લ અને બજાર નિરીક્ષક તરીકે બરીદ-એ-મંડીની નિમાણૂક તથા જાસૂસ કે ગુપ્તચર વિભાગનો વડો મન્હૈયાન હતો.

### (૩) કૃષિક્ષેત્રે સુધારા

અલાઉદ્દીને જમીનની વૈજ્ઞાનિક રીતે માપણી કરાવી .ત્યારબાદ ખેડૂતોની વાસ્તવિક આવક પર જમીન મહેસૂલ નક્કી કર્યું.તેણે લગાન પાકની ઉપજનો ½ ભાગ નક્કી કર્યો.તેને માટે બિસ્વાને એક એકમ મનાયો હતો.તેણે મુશ્ત ખરાજ નામક અધિકારીની નિમણૂક કરાવી .આ પ્રકારની વ્યવસ્થા કરવામાં તે પ્રથમ સુલતાન હતો.આ ઉપરાંત અલાઉદ્દીને પોતાના રાજ્યનો વહીવટ યોગ્ય રીતે ચલાવવા વજીર,દીવાને ઈન્શા ,દીવાને આરીજ,તથા દીવાને સસાલની નિમણૂક કરી.

### (૪) શરાબ અને કેફી પદાર્થોના સેવન પર પ્રતિબંધ

તેણે શરાબ અને કેફી ચીજોના ઉપયોગ પર પણ સુલતાને પ્રતિબંધ મૂક્યો હતો.તેણે પોતે શરાબ પાનનો ત્યાગ કર્યો હતો.કલાલો (દારૂ વેચનારાઓ) ને શહેર બહાર નીકળી જવા ફરમાવ્યું હતું.જોકે તેનો અમલ યથાયોગ્ય રીતે થયો ન હતો.

## ૪. ઉપસંહાર

સમગ્ર ખલજી વંશમાં અલાઉદ્દીન સૌથી પરાક્રમી અને સાહસિક હતો.તેનામાં અગાધ શક્તિ હતી.છતાં તે ચારિત્રહીન, સ્વાર્થી, જુલમી અને ભારે કપટી હતો. ભાતૃભાવ કે લોહીના સબંધની પણ તે દરકાર કરતો ન હતો.લશ્કરના બળે તેણે સમગ્ર તંત્ર પર કાબૂ મેળવ્યો હતો.તે પોતાની સત્તા-લાલસા સંતોષવા અંત સમય સુધી ભારે જહાંત ઉઠાવતો હતો.કેટલી બાબતોમાં અલ્લાઉદ્દીનની મૌલિકતા પણ ઉચ્ચ કોટિની હતી.રાજ્યના હિતાર્થે નવી નવી સંસ્થાઓ તેને સ્થાપી.ઉપરાંત એક શક્તિશાળી પ્રસ્થાયી સેના રાખવાની પ્રારંભ કરનાર તથા રાજ્યવહીવટમાં પ્રવેશેલી બદીઓ દૂર કરનાર તે દિલ્લીનો પ્રથમ સુલતાન હતો.તેનું બજાર નિયમન અને ભવિષ્ય નિયંત્રણ અજોડ હતા. મધ્યયુગીન ભારતમાં એ એક નવીન ઘટના હતી.

## સંદર્ભગ્રંથ

૧. નાયક, છોટુભાઈ મધ્યયુગીન ભારતનો ઈતિહાસ ખંડ -૨
૨. પરમાર, કિશોર ભારતનો ઈતિહાસ –લિબર્ટી પ્રકાશન.